
હરિ ૐ આશ્રમ પ્રેરિત

# એનઘેન દીવાઘેન

ધીરેન્દ્રસિંહ રાઠોડ

ગુજરાતી સાહિત્ય પરિષદ: અમદાવાદ



હરિ ૐ આશ્રમ-પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક ઓગણત્રીસમું

# એનઘેન દીવાઘેન

[ બાળ-કાવ્ય સંગ્રહ ]

ધીરેન્દ્રસિંહ રાઠોડ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

: પ્રકાશક :
રઘુવીર ચૌધરી
મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
આશ્રમરોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૯

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૧
પ્રત : ૧૨૫૦
કિંમત રૂ. ૩-૦૦

: મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧



— અર્પણ —

ફૂલડાં જેવાં હસતાં–ખીલતાં પ્યારાં નાનાં બાળ,
હોઠ પરોવું મઘમઘતી આ ગીતફૂલોની માળ.

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

## ઓગણત્રીસમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરે તેવાં બાલસાહિત્ય સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ ૧૨૦૦૦નું દાન આપવામાં આવ્યુ હતું. આનો હેતુ બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ. શૌર્ય, પ્રેમ, સદ્ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવાં બાલસાહિત્યનું સર્જન કરવાનો રાખવામાં આવ્યો. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે આઠ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં. આજે આ ગ્રંથમાળાનું ઓગણત્રીસમું પુસ્તક પ્રસિદ્ધ થઈ રહ્યું છે. શ્રી ધીરેન્દ્રસિંહ રાઠોડનો બાળ-કાવ્યનો સંગ્રહ '**એનઘેન દીવાઘેન**' બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે

ગુજરાતનાં બાળકોએ અગાઉ જે રીતે અમારાં પ્રકાશનોને આનંદથી સ્વીકાર્યાં છે, તે રીતે આ બાળ-કાવ્યોના સંગ્રહને સ્વીકારશે તેવી અમને શ્રદ્ધા છે.

**મંત્રીઓ**

તા. ૨૫-૧૦-૧૯૮૧ ગુજરાતી સાહિત્ય પરિષદ

## આવકાર

આપણા સાહિત્યમાં મૂળેય સાચાં ને સિદ્ધ થએલાં બાળ-કાવ્યોની અછત રહી છે. જે કંઈ જ્યાં ત્યાં દેખા દે છે તે જોડકણાંથી આગળ જતું નથી. જવલ્લે જ કોઈ નીવડેલું બાળકાવ્ય જોવા મળે છે ત્યારે પ્રસન્નતા અનુભવાય છે.

'બાળકાવ્ય' સમાસનાં બંને પદો ઉપર યોગ્ય ને ભાર મૂકાવો જોઈએ. બાળકની કઈ વયકક્ષા માટે છે તે પણ લેખકે નજરમાં રાખવું જરૂરી છે. "બાળકાવ્ય" એટલે બાળક માટે જ લખાયેલી, એ ગજાની પણ એક સાચા કવિની જ કૃતિ, કલાકૃતિ હોવી જોઈએ. નીવડેલી કલાકૃતિ એટલે માત્ર શબ્દાર્થનું સહિતત્ત્વ જ નથી, બાળ-લયોની પણ યોગ્ય તે સમજ ને માવજત હોવી જોઈએ એ પણ અપેક્ષિત છે.

આપણે ત્યાં જે થોડાંક પણ બાળકાવ્યો સિદ્ધ થવા મથતાં દેખાય છે તેના પ્રેરણાસ્રોત એક તો રવીન્દ્રનાથનું "શિશુ" (અં. Crescent Moon) છે ને બીજી બાજુ સ્વ. શ્રી ગીજુભાઈ બધેકાને તેમની શાળા પ્રભાવિત ધારા છે. ગીજુભાઈ પ્રભાવિત ધારાએ બાલમંદિર યોગ્ય સારી કૃતિ આપી છે, પણ રવીન્દ્ર પ્રભાવિત ધારા તો બાલમંદિરની બહાર પણ કાવ્ય સિદ્ધ કરવાની પ્રથમ શરતને આધીન રહી પ્રવર્તતી દેખાય છે; અને એનાં કેટલાંક સારાં પરિણામ પણ આવ્યાં છે. આ રીતિ શિશુના પોતાનાં બા, બાપા કે દાદા પ્રત્યેના, નિવેદન રૂપે હોય છે. એમાં વત્સલ નામનો રસ પણ સિદ્ધ થતો હોય છે. શિશુની વય કેવળ મુગ્ધતા, સ્વપ્નશીલતા ને કલ્પના-શીલતાથી પૂર્ણ હોય છે. કવિ એને પ્રૌઢવયની સમજ સાથે ટકરાવી,

વિરોધાવી બાલવિજય સિદ્ધ કરે છે ત્યારે મોટેરાંનો આનંદ માતો નથી. ડિમસ્ય દુર્વિલ સિતાનિ મુદ ગુરુનામ અને પિતૃભિઃ ચિનમમાન એવી આખી શિશુપેઢીનો આનંદલોક તેમાં પ્રગટતો હોય છે, એમાં એક સર્વદેશીય અને સર્વકાલીન એવા એક બ્રહ્મશિશુનું પાત્ર એના આનંદ છંદે સ્પંદિત થતું હોય છે. રવીન્દ્રનાથનું "શિશુ" જે ઘરમાં નથી. તે ગાર્હસ્થ્ય, અભદ્ર ને શાપિત બની જાય છે. આવાં શિશુકાવ્યો કોઈ પણ ભાષાના સાહિત્યમાં ને શિશુકેળવણીમાં ક્રિમપિદ્રવ્ય બની રહે છે.

ભાઈશ્રી ધીરેન્દ્રસિંહ રાઠોડનાં શિશુકાવ્યોનું પગેરું આવી રવીન્દ્રપ્રણાલીમાં રહ્યું છે એમ એકંદરે સમજાય છે. બા, બાપા, ભાઈ, બહેન, દાદા-દાદી, પશુ-પંખી જેવો સ-જીવલોક અને પહાડો, નદીઓ, ઝરણાં, વન, સૂર્ય, ચંદ્ર, તારા જેવો પ્રકૃતિલોક ઉભય મળીને આ લોહીના સબંધનો એક આનંદલોક અને એક વિશાળ પરિવાર સબંધ આમાંથી પ્રગટે છે જે પ્રૌઢવયના વિકાસમાં ક્રમશઃ ટૂંકાય-ટૂંપાય છે અને આ આધુનિક તમામ ભાષાના સાહિત્યની એક મૂળભૂત ચિંતા બની રહી છે. આ શિશુલોક એની બૃહત્તમ વ્યંજનાથી આપણી આધ્યાત્મિક આનંદના આખા વેદાન્તને સંકેલી રહે છે. જેમ રવીન્દ્રનાથના ડાકઘરનો "અમલ" એક દીવાલ બદ્ધ શૃંખલિત જીવાત્માના સંકેત ઊભો કરી શકે છે તેમ.

કહેવાની જરૂર નથી કે ભાઈશ્રી રાઠોડની સૃષ્ટિ ને કવિતા રવીન્દ્રકક્ષાની નથી. એમનાં ગીતોમાં લયચ્યુતિઓ, પ્રાસાદિની અપૃષ્ટતા વગેરે કાવ્યદોષ જણાશે, બેશક અહીં ધોરણથી ઉતરતું—અવદ્ય જણાશે છતાં "નાની મારી પગલી"નો આરંભ જૂઓ, કેવો મધુર છે!

"નાના અમથા પગ મારા ને નાની મારી પગલી,
બોલું ત્યારે ઝરતી કેવી ફૂલડાં કેરી ઢગલી."

કર્તા આવું ધોરણ સર્વત્ર જાળવી શક્યા હોત તો આ સંગ્રહનું કાવ્યવિત્ત કિંમતી બની જાત, છતાં કર્તાએ કઈ દિશામાં મથવાનું છે, કયો આદર્શ તેમણે સિદ્ધ કરવાનો છે તે તેમની જ એ બે પંક્તિઓ ટાંકીને અહીં દર્શાવ્યું છે.

આ શિશુવય ઘેર ને શાળામાં આ કૃતિઓ માણી શકશે એવી એમાં શક્યતા દેખાય છે. એટલે કર્તાને વધુ લયસાધના, કાવ્યસાધના કરવાની સલાહ આપ્યા પછી આ સંગ્રહને આવકારવાનું મન થાય છે.

તા. ૨૨-૧-'૭૯ — ઉશનસ્

વલસાડ

□

# બાળઆનંદની અનુભૂતિ

પેલી નાચતી, કૂદતી, ધીંગામસ્તી કરી ધમાલ મચાવતી, હૂપા હૂપ કરી દોડતી ને કિલ્લોલતી શિશુસૃષ્ટિને જોઉં-પીઉં છું ત્યારે અતીતના આવરણ નીચે ગોપાયેલું મારું બાળજીવન પાંખો ફફડાવી મને હલબલાવી મૂકે છે. આ શિશુસૃષ્ટિના ફોરાં હૃદયધરાને ભીંજવી દે છે; ત્યારે ઉરમાળામાં બેઠેલું શૈશવપંખીડું ગળામાં મધ-મીઠેરાં, મંજુલ ગીતો ઘૂંટી ઘૂંટીને ગહેકી ઊઠે છે. શૈશવકાળની સૃષ્ટિમાં પુનઃ પ્રવેશ કરી એના મીઠેરા-આવિષ્કારની અનુભૂતિ એક શીતલ લહેરખડીશી મનને તરબતર બનાવી મૂકે છે. કવિવર રવીન્દ્ર-નાથના શબ્દો યાદ આવે છે, "મને જીવન, કુદરત અને જ્યાં મારાં વહાલસોયાં વસતાં હોય એ વાતાવરણ પ્રત્યે સ્વાભાવિક પ્રેમ છે." એટલે બાળસૃષ્ટિના વિશાળ ફલકને આ ગીતોમાં ભંડારવા નમ્ર પ્રયાસ કર્યો છે.

મારી આ ગીતધારાથી બાળકો ભીંજાય, ગીતપંક્તિનાં ફોરાં ઝીલીને છબછબિયાં રમે, ઊછળતાં, કૂદતાં થઈને "એનઘેન દીવાઘેન" રમત રમે ને રમતાં રમતાં મંજુલ કંઠે ગીતો લલકારે, એનો મંજુલ રવ ઘર, શેરી, શાળા અને સમગ્ર પ્રકૃતિ ભીતર ગૂંજી ઊઠશે તો મારાં આ ગીતોની હું સાર્થકતા સમજીશ. આ કાવ્યો શિશુના કંઠમાં મેઘછાયા સમ છવાય રહે ને એમાંથી ટપ...ટપ ઝરતાં ગીત-ફોરાં બાળકોને ભીંજવી રહેશે એવી મનીષા છે.

પ્રસ્તુત સંગ્રહનાં કેટલાંક કાવ્યો રમકડું, બાલમિત્ર, બુલબુલ, પગલી, ચાંદાપોળી અને ગુજરાત-મિત્ર જેવાં બાળ સામયિકો-પત્રોમાં પ્રસિદ્ધ થએલાં છે. આ ગીતોને સામયિકોનાં પૃષ્ઠો પર રેલાવી

બાળકો સમક્ષ પીરસવા બદલ એના તંત્રીશ્રી–સંપાદકજીની સ-આનંદ નોંધ લઈ આભારની અભિવ્યક્તિ કરું છું. તદ્ઉપરાંત આ પ્રત્યેક કૃતિઓને તપાસી–મઠારી આપી ઉત્કટ લાગણીથી પ્રોત્સાહિત કરનાર શ્રી અનુપસિંહ પરમાર–'કોકિલ'નો પણ અત્યંત ઋણી છું. આ ગીતોને પોતાનાં સમજી આ સંગ્રહને પ્રકાશિત કરવામાં સિંહફાળો આપનાર મારા મિત્ર ભાઈશ્રી 'મસ્ત' મંગેરાના ઋણ ઉપકારની સહર્ષ નોંધ લઉં છું.

સારસ્વત્–મનીષી શ્રી. ઉશનસજીએ પોતાનો અમૂલ્ય સમય મારાં ગીતો–કાવ્યો તપાસવામાં ગાળી મને ઉપકૃત કર્યો છે. આ કાવ્યોનાં આંતર–બાહ્ય તત્વોના આવરણને વિશુદ્ધ બનાવવા પ્રત્યેક કૃતિઓ લયની અને પ્રાસ-શબ્દોની દૃષ્ટિએ પુનઃ મઠારી આપી છે, એમની મીઠી ગોઠડી અને કિંમતી સૂચનો ચિરકાળપર્યંત મારા હૃદયમાં છવાય રહેશે. એમના "આવકાર"ના મીઠેરા ટહુકાએ મારા ચિત્તને પ્રસન્નતાથી ભરી દીધું છે, એમનો આભાર વ્યક્ત કરી, ઋષિ-પ્રકૃતિશા આ કવિવર્યને વંદન કરી, અનુગ્રહની અભિવ્યક્તિ કરું છું.

ગુજરાતી સાહિત્ય પરિષદે મારી આ કૃતિ પ્રકાશિત કરી, મને કૃતકૃત્ય બનાવ્યો છે, તે બદલ સાહિત્ય પરિષદનો આભારી છું.

મારાં આ ગીતો બાળકોના કંઠમાં ગહેકી ઊઠી; બાળવાડીને કિલ્લોલતી કરશે એવી શ્રદ્ધા છે.

ચાપલધરા, તા. વાંસદા,
જિ. વલસાડ, ૩૯૬ ૫૭૦, —ધીરેન્દ્રસિંહ રાઠોડ
તા. ૧૫–૭–'૮૦.

□

# અનુક્રમણિકા


આવકાર ઉશનસ્ ૫

બાળઆનંદની અનુભૂતિ લેખક ૮

એનઘેન દીવાઘેન ૧
નાનાં અમથાં ૨
અમે નાનાં નાનાં બાળ ૪
મીઠી યાદ ૫
ધીંગામસ્તી ૭
મને આપો ૮
નાની મારી પગલી ૯
કરવી છે ફરિયાદ ૧૧
ગામડું મારું ૧૨
ગીતડાં ગાવાં જી રે ૧૩
રેખા વાંચું ૧૫
અમે પંખીડાં ૧૬
ઝગમગ ચાંદરણે ૧૮
અચકે મચકે વાસંતી ૨૦
ચાલો રમીએ ૨૧
સાદ કરી બોલાવે ૨૩
બા, તારાં રૂપ નિરાળાં ૨૪
સોનેરી સવાર ઊગે ૨૫
જોયા કરું હું... ૨૭
તારો હું વહાલો ૨૮
કૅમેરો લઈને ૨૯
ઊગે તાજી સવાર ૩૦
આવ મેહુલા ૩૨
હિમગિરિ લલકારે છે ૩૩
હું તો પૂછું ! ૩૫
જાદુગર છું એવો ૩૬
દૂર દૂર છે ભણવું ૩૮
ઊગે પ્રભાત ૩૯
હું શિવરામ ટપાલી ૪૦
નીલો પતંગ ૪૨
બન્યા ગોકુળના ગોવાળ ૪૩
જોવો ભારત દેશ ૪૫
કોણ ? ૪૬
સસારાણા બન્યા માસ્તર ૪૮


□

# એનઘેન દીવાઘેન

ધીરેન્દ્રસિંહ રાઠોડ

# એનઘેન દીવાઘેન

ગીતા, નીતા, ટીના, તેજલ, હીના, મીના, બંસી,
આજે રમીએ ડાહીનો ઘોડો, પીપળ નીચે બેસી.

આનપાન રે પીપળપાન,
ફરો ફૂદરડી ગાઓ ગાન.
ખેલો, કૂદો થઈ ગુલતાન,
મીના, તારો પહેલો દાન.

ગીતા, નીતા, ટીના, તેજલ, હીના, મીના, બંસી,
આજે રમીએ ડાહીનો ઘોડો, પીપળ નીચે બેસી.

ગીતા, નીતા દોડે નેઈને,
તેજલભાઈ તો જુઠ્ઠો.
ડાહીનો ઘોડો રમતો થૈઈને,
પાણી પીતો છુટ્ટો.

ગીતા, નીતા, ટીના, તેજલ, હીના, મીના, બંસી,
આજે રમીએ ડાહીનો ઘોડો પીપળ નીચે બેસી.

એનઘેન રે દીવાઘેન,
સંતાઈ જા, ઓ ટીનાબેન.

અળિંગ દળિંગ કિલ્લાકોટ,
હીના તારો દાવ જ ફોક.

ગીતા, નીતા, ટીના, તેજલ, હીના, મીના, બંસી,
આજે રમીએ ડાહીનો ઘોડો પીપળ નીચે બેસી.

અલક ચલાણી, પેલે ઘેર ઘાણી,
મમરા, ખારેકની ઉઘરાણી.
મીના, તું તો ક્યાં સંતાણી?
આવો, કરીએ બેસી ઉજાણી.

ગીતા, નીતા, ટીના, તેજલ, હીના, મીના, બંસી,
આજે રમીએ ડાહીનો ઘોડો પીપળ નીચે બેસી.

## નાનાં અમથાં

આજ ભલેને નાનાં અમથાં પા પા પગલી ભરીએ,
કાલે મોટાં થઈને અમે ધરતી ઘૂમી વળીએ.
નાની નાની કળીઓ કેવી
ફૂલડાં થઈને મલકે.

બીજનો ચાંદો પૂનમ થઈને
આભલે આખો છલકે,

આજ ભલેને નાનાં અમથાં પા પા પગલી ભરીએ,
કાલે મોટાં થઈને અમે ધરતી ઘૂમી વળીએ.

નાનાં નાનાં બીજમાંથી તો
મોટાં ઝાડો થાતાં,
આભેથી ટપકીને ફોરાં
ઝરણાં થઈને ગાતાં.

આજ ભલેને નાનાં અમથાં પા પા પગલી ભરીએ,
કાલે મોટાં થઈને અમે ધરતી ઘૂમી વળીએ.

ધૂપસળી આ નાની સરખી
ફોરમ બધે ફેલાવે,
દીવડો નાનો ઘર આખામાં
અજવાળાં રેલાવે.

પાંખ આવતાં ઊડી જઈશું ઊંચા ગગન દુવારે,
પેલા વાદળ સંગે જઈને ન્હાશું ચાંદ ફુવારે.

●

એનધેન દીવાધેન : : ૩

# અમે નાનાં નાનાં બાળ

ધમ ધમ ધમ કરતાં અમે નાનાં નાનાં બાળ,
કલબલ કલબલ કરતાં અમે જાતાં રે નિશાળ!

રૂપલાં કિરણે જાગી ઊઠતાં
નાહી-ધોઈને સ્વચ્છ બનતાં,
તૈયાર થઈ નિશાળે જાતાં
પ્રભુનાં મીઠાં ગીતડાં ગાતાં.

ટમ ટમ ટમ તારલિયા અમે નાનાં નાનાં બાળ,
કલબલ કલબલ કરતાં અમે જાતાં રે નિશાળ!

સાથે રમતાં સાથે ભણતાં
ભેગાં બેસી વાંચતાં-ગણતાં,
પંખી જેવાં ઊડી ચણતાં
મીઠલડાં ગીતો ગણગણતાં.

ગુન ગુન ગુન ભમરા અમે નાનાં નાનાં બાળ,
કલબલ કલબલ કરતાં અમે જાતાં રે નિશાળ!

જંગલ જંગલ ઘૂમી વળતાં
નવી નવી કેડીએ ફરતાં,

નાચી-કૂદી તાલી લેતાં
આળસને ખંખેરી દેતાં.

ઝરમર ઝરમર મેહુલિયા અમે નાનાં નાનાં બાળ,
કલબલ કલબલ કરતાં અમે જાતાં રે નિશાળ !

કરતાં લેશન બેસી સાથે
સૌને લેતાં મીઠી બાથે,
નભના પેલા તારા જેવાં
વ્હાલાં બનતાં સૌને એવાં.

મરક મરક ચાંદલિયા અમે નાનાં નાનાં બાળ !
કલબલ કલબલ કરતાં અમે જાતાં રે નિશાળ !

●

## મીઠી યાદ

કલકલ ગાતું બચપણુ મારું, પલ પલ એનો નાદ,
ધમધમ કરતું, નાચતું, એની હજી ય મીઠી યાદ.

સપન સેવી મોડી રાતે
પોઢું હું નિંદર ડાળે,

ઝાંઝરના ઝમકારે આવે
પરીઓ પોપચાં માળે.

કલકલ ગાતું બચપણ મારું, પલપલ એનો નાદ,
ફર ફર ફોરતું, કૂદતું, એની હજી ય મીઠી યાદ.

આંખે અંજન, બાનું ગુંજન
પારણિયે હું ઝૂલું,
દાદીમાની મીઠડી વાતો
કેમ કરી હું ભૂલું?

કલકલ ગાતું, બચપણ મારું, પલપલ એનો નાદ,
કલબલ વહેતું, હસતું, એની હજી ય મીઠી યાદ.

કોડી, લખોટી, ભમરડા ને
ગલુડિયાં મુજ ભેરુ,
ગામનો વડલો, તલાવડી ને
તેડે શિવનું દે'રું.

કલકલ ગાતું, બચપણ મારું, પલપલ એનો નાદ,
ખળખળ સરતું, દોડતું, એની હજી ય મીઠી યાદ.

# ધીંગામસ્તી

બા, તારા આ બેટા કેરી ઘરમાં મસ્તી ભારે,
કો'કનાં ખેંચે ગાલ–નાક ને કો'કને સોટી મારે.

કેમ નથી તું એને કહેતી?
એની મસ્તી કાં તું સહેતી?

દાદા કેરી લાકડી લઈને ઘોડો ઘોડો મ્હાલે,
પપ્પાનાં ચશ્મા પ્હેરી એ સાહેબ જેવો ચાલે.

ઘર આખાને ગજવે કેવો!
જાણે વંટોળિયાના જેવો!

ચોપડી લઈને બ્હેનીની એ અગડમ-બગડમ વાંચે,
મોટાભાઈના જોડા પ્હેરી ધમધમ કરતો નાચે.

પજવે સૌને આખો દહાડો,
ઘર આખામાં પાડતો રાડો.

કોડી, લખોટી, ભમરડા ને ચીંથરાં ભેગાં કરતો,
ગલી ગલીથી લાવી ચીજો ઘરને ખૂણે ભરતો.

દાદી કેરો પાનનો ડબ્બો,
લઈને ભાગે, મારી ધબ્બો.

ધમાલ મચાવે આખો દહાડો નિરાંતે ના જંપે,
બિલાડી ને ગલુડિયાં પણ એના ધાકે કંપે.
આવી એની ધીંગામસ્તી,
તું તો એને જોઈને હસતી.

બા, તારા આ બેટા કેરી ઘરમાં મસ્તી ભારે,
કો'કનાં ખેંચે ગાલ-નાક ને કો'કને સોટી મારે.

●

## મને આપો

ગુન ગુન ગુંજતા પેલા ભમરાનાં ગાન આપો,
આપો હો ટીલડીશી પાંખ,
—કે નિત હું ગુંજ્યા કરું ફૂલ-છાબલે!
ટમ ટમતા તારલાનાં તેજ મને આપો,
આપો હો ચૂંદડીશી આંખ,
—કે નિત હું ઝબકયા કરું પેલા આભલે!

કૂહુ-કૂહુ કરતી પેલી કોયલનો કંઠ આપો,
આપો હો મીઠડી વાણી,
—કે નિત હું કૂજ્યા કરું મીઠી વાણી!

ઝરઝર ઝરતાં પેલાં ઝરણાંનાં ગીત આપો,
આપો હો મીઠડાં પાણી,
—કે નિત હું પાયા કરું તરસ્યાંને પાણી!

છબ છબ કરતા પેલા મેઘની ઘટા આપો,
આપો હો દૂધડાંશી ધાર,
—કે નિત હું વરસ્યા કરું બાગ-ખેતરે!

ફર ફર ફરતા પેલા પવનની પાંખ આપો,
આપો હો વીજળીની છટા,
—કે નિત હું ઘૂમ્યા કરું દૂર ડુંગરે!

## નાની મારી પગલી

નાના અમથા પગ મારા ને નાની મારી પગલી,
બાલું ત્યારે ઝરતી કેવી ફૂલડાં કેરી ઢગલી!

ચાલુ હું તો રૂમઝુમ રૂમઝુમ,
સાથિયા પાડે પગલી કુમકુમ.

તારે ખોળલે રમતી-ઉડતી બા હું તારી ચકલી;
લળી લળી ચૂમે તું મુજને પ્રેમ તારો ના નકલી.

તારી બા હું ફૂલ છાબલી;
તારા ઘરની રૂડી આભલી.

શણુગારે તું પરી જેવી ને કરે કપાળે ચાંદલી;
ગગન કેરા ચાંદલિયા જેવી ભાલ તારાની તારલી.

બા, હું તારી નાની હોડલી;
તારા ઉરની ઊંચી ટોડલી.

રીસાઉં તો લાડ લડાવે બા તું ભોળી-ભગલી;
હસતી-રમતી રાખે તું મુજને તારી હું તો બગલી.

તું તો મારી વ્હાલી માવડી;
મીઠાં દૂધડાં દેતી ગાવડી.

નાના અમથા પગ મારા ને નાની મારી પગલી;
ખોલું ત્યારે ઝરતી કેવી ફૂલડાં કેરી ઢગલી.

# કરવી છે ફરિયાદ

મમ્મી, મમ્મી, આજે મારે કરવી છે ફરિયાદ;
વારે વારે કહ્યું છે તોયે કેમ તને ના યાદ?
મારી વાત ન માને તો હું કરીશ ખૂબ કલશોર;
લાડલો તારો બનશે ભારે નટખટ નંદકિશોર.
તીખી કઢી, દાળ, શાક ને તીખી તીખી કચોરી;
સ્વાદ માણીને ખાઈ તમે સૌ રાખી મારી ચોરી.
મને ગમે ના આ સઘળું સૌ, શીખંડ, ધારી ભાવે;
મીઠી-મીઠી બાસુદી ને પૂરણપોળી જ ફાવે.
રાજદૂત પર બેસી પપ્પા, કરે હોંશે કેવી સ્વારી;
ભાઈને કોલેજ જવા માટે સાયકલ આપી સારી.
રોજ પગે ચાલી હું જાઉં બાલમંદિર ને વાડી;
મારે ના જોઈએ તું કહેને? નાની બાબાગાડી.
મમ્મી, તું તો બેની સાથે રમતી કેરમ-કૂકી;
મોટાભાઈ પણ ખેલે કેવા ટેનિશ માઝા મૂકી.
મારે જોઈએ ગિલ્લી દંડા, કોડી ને લખોટી;
ગાડી ગાડી રમવા માટે વગાડવી સિસોટી.

મુજને ચુંબન કરી કરી તું ગાલ કરે છે ફિક્કા;
પણ ના આપે તું આ સહુ તો મારે-તારે કિટ્ટા.
છે મુજ આ ફરિયાદ જ મમ્મી, બોલ કહીં નોંધાવું ?
તું ના માને દાદ મારી તો સિપાઈને બોલાવું.

●

## ગામડું મારું

અડખે-પડખે લીલાં ખેતર, ફરતે ડુંગર ઘાટે,
ખોળે બેઠું ગામડું મારું, કાંકરિયાળી વાટે.
સોનલ વરણાં કિરણો ટમકે
દીવા ઝાડે-પાને,
ટોળી આવે તારલિયાની
મીઠાં મીઠાં ગાને.
ટપ્ ટપ્ ફોરે છૂટતી કેવી ધરતી કેરી મહેક,
સીમનો પવન મોડી રાતે પંખા વીંઝે છેક.
મલપતી આ ધરતી કેવી
લીલી ઓઢી સાડી,

ચારે ઝળકે મોલ મોતીના
ઝાકળ ધોતી વાડી.

પાદર શંકરની દે'રી ને વડલે હિંચતાં બાળ,
ગાય-ભેંસનાં ટોળાં સાથે નાચે સૌ ગોવાળ.

તલાવડીમાં ડૂબકી ખાતી
ભેંસો કેવી ન્હાય,
કુંજે-કુંજે પંખી પેલાં
ગીતો મીઠડાં ગાય.

અડખે-પડખે લીલાં ખેતર, ફરતે ડુંગર ધારે,
આળે બહુ ગામડું મારું, કાંકરિયાળી વાટે.

●

## ગીતડાં ગાવાં જી રે

અમે ગ્યાં'તાં હો ચાંદો જ્યાં મલકે
તારલિયા જ્યાં પલકે,
કે ગીતડાં ગાવાં જી રે !

અમે ગ્યાં'તાં હો સરવર પાળે
આંબલિયાની ડાળે,
કે ગીતડાં ગાવાં જી રે !
અમે ગ્યાં'તાં હો જંગલ નિકુંજે
કોયલ જ્યાં ગૂંજે
કે ગીતડાં ગાવાં જી રે !
અમે ગ્યાં'તાં હો પાંખ પસારી
ને આભની અટારી,
કે ગીતડાં ગાવાં જી રે !
અમે ગ્યાં'તાં હો વડલાની છાંયે
હીંડોળાની બાંયે,
કે ગીતડાં ગાવાં જી રે !
અમે ગ્યાં'તાં હો સાગરતીરે
ને બાલમંદિરે,
કે ગીતડાં ગાવાં જી રે !
અમે ગ્યાં'તાં હો મઘમઘતા બાગે
મધુરા રાગે,
કે ગીતડાં ગાવાં જી રે !

# રેખા વાંચું

લાવને વીરા હથેળી તારી રેખા છૂપેલી વાંચું,
થાશે ભાઈલો કેવો મારો, ઉકેલું સાચે સાચું.

આયુની રેખા સો વરસની
ચમકે કેવી ભારે,
ફૂલડાં જેવું જીવન તારું
ફોરશે સુગંધ ધારે.

મમ્મીનો તું લાડલો બનશે, પપ્પાની આંખનો તારો,
ઘર–ગગનને ઉજાળશે તું થઈને આભ-સિતારો.

ઘરના ટોડલે પ્રકાશે એવો
દીવો કુળનો થાશે,
અજવાળાં રેલાવી તું તો
મીઠાં ગીતો ગાશે.

ચમકે શી વિદ્યાની રેખા જોને હથેળી અંદર,
ભણવામાં તું રહેશે આગળ, રાખીશ પહેલો નંબર.

ભણી-ગણીને પંડિત થાશે
ગવાશે તારું નામ,

માન-પાન સહુ દેશે તુજને
આપણું આખું ગામ.
તાવ-તરિયો કે રોગ ના આવે, કદી પડે ના માંદો,
હસતો રહેશે સદાય ગગને જેમ મલકતો ચાંદો.

બહેની તારી લાડલી આજે
વાંચે રેખા અનેરી,
દઇશને તું? વીરલા મુજને
વીરપસલી જ ભલેરી.

●

## અમે પંખીડાં

અમે પ્રવાસી નાનાં પંખીડાં,
વન વન ઘૂમવા જાતાં જી રે.
કંઠોમાં મીઠડાં ગીતો ઘૂંટીને,
જઈ એ ગીતડાં ગાતાં જી રે.
ધરતી માંડવડે ને હેમાળા વાયરે,
કૂદી કૂદીને ભમતાં જી રે.

પાંખો પસારી ઊંચે રે ઉડતાં,
નીલાં તે આભલાં ગમતાં જી રે.

જંગલનાં ફૂલો ખીલી ખીલીને,
અમરત પ્યાલા ઢોળતાં જી રે.

ફૂલોની પાંદડીએ બેસી અમે તો,
ચીં ચીં ઝાકળ ચણતાં જી રે.

સોનેરી ટિલડીશાં પીંછાં ખોસીને,
રૂમઝુમ રૂમઝુમ નાચતાં જી રે.

મોરપીંછ છોગું માથે ખોસીને,
કેડીએ કેડીએ રાચતાં જી રે.

ઘૂઉઉઉ અવાજે વાઘશાં ગરજંતાં,
મોરશાં ટેહૂક ગુંજતાં જી રે.

હરણશાં ફાળે દોડી અમે તો,
ઝરણાંમાં અંગ ઝબોળતાં જી રે.

પરિમલની પાવડી પ્હેરી અમે તો,
આમ તેમ દૂર દૂર ભાગતાં જી રે.

ડુંગરની ટોચેથી ઝાડો જોતાં,
જરીક અમથાં લાગતાં જી રે,

નાનકડી પગલીએ સાથિયા પૂરીને,
મોતીનો ચારો ચરતાં જી રે.
સોના–રૂપેરી વાંકલડી ચાંચે,
દાડમ ને જમરૂખ ભરતાં જી રે.
અલક–મલકની વાતો કરતાં ને,
દૂર દૂર જંગલ ભમતાં જી રે.
અમે પંખીડાં કલબલ કલબલ,
જંગલ ગજવતાં રમતાં જી રે.

## ઝગમગ ચાંદરણે

ગગને ઊગ્યું નવલું પરભાત
કે ઝગમગ ચાંદરણે !
આભલે ઊગી શરદની રાત
કે ઝગમગ ચાંદરણે !
એણે બિછાવી રૂપેરી ભાત
કે ઝગમગ ચાંદરણે !

લીલી ધરતી બની રળિયાત
કે ઝગમગ ચાંદરણે !
ખીલી ફૂલવેલશી ધરતી માત
કે ઝગમગ ચાંદરણે !
ચાંદા આવોને કરીએ વાત
કે ઝગમગ ચાંદરણે !
મીઠાં દૂધ–પૌવા ને ભાત
કે ઝગમગ ચાંદરણે !
બેસી ખાઈએ સરિતાને ઘાટ
કે ઝગમગ ચાંદરણે !
રૂપલાં કિરણે લંબાવજે હાથ
કે ઝગમગ ચાંદરણે !
છોડી વાદળ–ઓઢણી મધરાત
કે ઝગમગ ચાંદરણે !
લાવ ચમકંતા તારલાની વાત
કે ઝગમગ ચાંદરણે !
કહે પરીઓની વાત નિરાંત
કે ઝગમગ ચાંદરણે !

ખીલી શરદ પૂનમની રાત
કે ઝગમગ ચાંદરણે !

●

## અચકે મચકે વાસંતી

તમે ફૂલડે ફૂલડે છાયા રાજ !
અચકે મચકે વાસંતી.

તમે કેસુડે કેસુડે મોહાયા રાજ !
અચકે મચકે વાસંતી.

તમે કોયલના કંઠે બિછાયા રાજ !
અચકે મચકે વાસંતી.

તમે ભમરા તે સંગ મલકાયા રાજ !
અચકે મચકે વાસંતી.

તમે હોળીના ફાગે છલકાયા રાજ !
અચકે મચકે વાસંતી.

તમે અબીલ-ગલાલે રંગાયા રાજ !
અચકે મચકે વાસંતી.

તમે આંબલિયા મોરે ફેલાયા રાજ!
અચકે મચકે વાસંતી.

તમે પાંદડે પાંદડે ઢળાયા રાજ!
અચકે મચકે વાસંતી.

તમે બાગે ને ફાગે રેલાયા રાજ!
અચકે મચકે વાસંતી.

તમે રંગે ને રાગે ગવાયા રાજ!
અચકે મચકે વાસંતી.

## ચાલો રમીએ

ગીતા, નીતા ચાલો રમીએ આપણે ચાંદાપોળી;
ચાંદા ફરતે રમતી આભે તારલિયાની ટોળી.

એક, બે ને ત્રીજી તાળીએ
કરીએ દોડમદોડી,
"કૂક" કહીને સંતાઈ જાઓ
ઘરના ખૂણા ઓઢી.

ગીતા, નીતા ચાલો રમીએ આપણે અલકચલાણી;
ફૂલો ફરતે રમતા કેવા ભમરા કરે ઉજાણી.

અલકચલાણી, મીઠી ધાણી
બોલી મચવો શોર,
રમત રમતાં, ફરો ફૂદરડી
ખાઓ ધાણી–બોર.

ગીતા, નીતા ચાલો રમીએ આપણે આંબાપીપળી;
આંબાકુંજે ખેલતો મોરલો, ચકલી કાબરચીતરી.

ડાળી ડાળીએ સંતાઓ ને
ગિલ્લી જોરથી મારો;
પકડાશે તો માથે આવશે
દાવનો તારો વારો.

ગીતા, નીતા રમતું રમીએ મ્હોરી ગીતના બાગે;
ફૂલડાં જેવાં હળવાં થઈને ફોરીશું જીવન બાગે.

# સાદ કરી બોલાવે

સાદ કરી બોલાવે મુજને દૂરથી ડુંગરમાળ;
કુંજ–નિકુંજે ગહકે પેલી કોયલ ડાળેડાળ.
સોનલ વરણાં કિરણો ચૂમે ડુંગર કેરા ગાલ,
જંગલ કેરાં ફૂલડાં હસતાં ઢાળી ફોરમ વ્હાલ.
સાદ કરી બોલાવે૦

પલપલ કરતા તારલિયા આ ડુંગરને અંબોડે;
ચાંદો, સૂરજ રમવા આવે ત્યાં તો લાડેકોડે.
રૂપાળાં આ પંખી, વાદળ હેતે રમવા આવે,
તમરાં તૂં–તૂં કરી પુકારે, એ મુજને બોલાવે.
સાદ કરી બોલાવે૦

કલકલ વહેતાં ઝરણાં સંગે છોડીશ બંસી-સૂર;
એના નાદે નાદે નાચીશ થઈને મસ્ત મયૂર.
મેઘધનુના વિધવિધ રંગો ચોળીને આ અંગે,
પાંખ પસારી ઊડીશ આજે ઊંચે વાદળ સંગે.
સાદ કરી બોલાવે૦

છોને આવે કરાળ કંદરા, છોને ઊંડી કેડી;
એની ય સાથે દોસ્તી બાંધી લઈશ સાથે તેડી.

કંટકે રુધિર નીગળે છોને માથે કંકર વાગે;
હામ ધરીને હૈયે હું તો જઈશ આગે—આગે.
સાદ કરી બોલાવે૦

●

## બા, તારાં રૂપ નિરાળાં

બા, તારાં તો રૂપ જ એવાં ઘડી ઘડી નિરાળાં;
છાતીએ ચાંપી બચ્ચી કરે ને ગાતી મારાં ગાણાં.

ગામ આખામાં કહેતી ફરે તું;
મુન્નો મારો ગુણિયલ,
ઘડી ઘડીમાં ધમાલ મચાવે
તોફાની ને અડિયલ.

બા, તારાં તો રૂપ જ એવાં ઘડી ઘડી નિરાળાં,
છાતીએ ચાંપી બચ્ચી કરે ને ગાતી મારાં ગાણાં.

કપાળે કાળું ટીલું કરે ને
આંખે અંજન આંજે,

વાળ કપાવતાં નાસું ત્યારે
આંખો કાઢી ગાજે.

બા, તારાં તો રૂપ જ એવાં ઘડી ઘડી નિરાળાં,
છાતીએ ચાંપી બચ્ચી કરે ને ગાતી મારાં ગાણાં.

સોડમાં લઈને પરીઓની તું
કહે વારતા ભાવે,
કામ કરું ના તારું ત્યારે
બાવા, સિપાઈ બોલાવે.

બા, તારાં તો રૂપ જ એવાં ઘડી ઘડી નિરાળાં,
છાતીએ ચાંપી બચ્ચી કરે ને ગાતી મારાં ગાણાં.

## સોનેરી સવાર ઊગે,

રૂપેરી સાથિયા આભે લીંપાય,
કે સોનેરી સવાર ઊગે!
ગગન કેવું લાલ લાલ થાય,
કે સોનેરી સવાર ઊગે!

ફૂલ ગુલાબી પવન વાય,
કે સોનેરી સવાર ઊગે!

મીઠાં ગીતો પંખી ગાય,
કે સોનેરી સવાર ઊગે!

મંદિરે ઘંટનાદ સુણાય,
કે સોનેરી સવાર ઊગે!

હળ-બળદ લઈ ખેડૂ જાય,
કે સોનેરી સવાર ઊગે!

બાગે ફૂલો આંખ ખોલે,
કે સોનેરી સવાર ઊગે!

દાદાજી ગીતાપાઠ બોલે,
કે સોનેરી સવાર ઊગે!

ઝાકળ મોતી કેવાં સોહાય,
કે સોનેરી સવાર ઊગે!

આનંદ, ઉમંગ બધે વરતાય,
કે સોનેરી સવાર ઊગે!

# જોયા કરું હું....!

આભના ટોડલે સોના-રૂપાનાં વાદળ કેવાં ઝૂમે;
તેજનાં કિરણે ચાંદો, સૂરજ ધરતીમાને ચૂમે.

ઊંચા ડુંગર, ઊંડી ખીણો, સરિત, સાગરને તરણું,
લીલાં મેદાન, ઝાડ, પાન ને ગાતાં મીઠાં ઝરણાં.

કિયા કડિયે નિરમી છે આ ધરતી રૂડી વિશાળ?
નિત બેસી હું જોયા કરું આ કુદરત કેરી ભોંય રસાળ.

સવાર-સાંજે ભાતીગળ રંગો આકાશે લીંપાય,
રંગેબેરંગે ફૂલ, પતંગિયાં, ભમરાઓ ચિતરાય.

લીલી-નીલી ધરતી ને વળી ભૂરું ગગન મલકાય,
લાલ, પીળા ને લીલા રંગોની કટોરી છલકાય.

કિયા ચિતારે ચીતરી આવી ધરતી રૂડી વિશાળ?
નિત બેસી હું જોયા કરું આ કુદરત કેરા રંગ હજાર.

બુલબુલ, મોર, બપૈયા, કેરાં સૂણું મીઠડાં ગાન,
દરિયો ઉછળે, વાદળ ગરજે છોડી સઘળું ભાન.

પવન તાર પર વાગે કેવું મરમર આછું બીન,
ફરફર ફોરતા વર્ષાગાને બનું હું રે તલ્લીન.

ક્યિા ગાયકે વિવિધ સૂરે ડોલાવી આ ભોંય વિશાળ ?
નિત બેસી હું જોયા કરું આ સૂરોની રેલાતી ધાર.

## તારો હું વહાલો

તારો હું તો પ્યારો માવડી !
લાડલો વળી ન્યારો માવડી !

ખોળલે તારે બેસી હું તો લલકારું રે ગીત,
પાલવ તારો ઓઢી હું તો મલકાઉં રે નિત.

તારા શિરનો તાજ માવડી !
તારા ઘરનો રાજ માવડી !

તારા વિણ ગમે ના મુજને ફોરે તારું વ્હાલ,
સૂણી તારી મીઠી વાતો થાઉં હું રે ન્યાલ.

પ્રભાતકિરણ હું તારું માવડી !
આભ તારું અજવાળું માવડી !

નવડાવી ખવડાવી રાખે રૂપાળો ભલીભાત,
મુજને દેખી મુખડું મલકે, બનતી તું રળિયાત.

ફૂલ કેરી હું કળી માવડી !
મુજને ચૂમે તું લળી માવડી !
ગાલે તારે બચ્ચી કરીને સોડમાં પોઢું રાત,
તારા જેવી બીજી મળે ના એવી તું છે માત.
તારો હું તો પ્યારો માવડી !
લાડલો વળી ન્યારો માવડી !

## કૅમેરો લઈને

ભાઈ તણો કૅમેરો લઈને પાડું હું ફોટા ન્યારા;
એવા સુંદર પાડું કે જો જો લાગશે તમને પ્યારા.
પપ્પાની તો ચશ્માવાળી પાડીશ હું તસવીર,
કળ દાબીને ફટાક દઈને ન થાય વાર લગીર.
બાનું ગોરું મુખડું મલકે સોહે ટીલડી ભાલે,
એવી છબી ના ખેંચું તો બા ચૂમે ન મારા ગાલે.
હિંચકે હિંચતાં દાદા-દાદીના બોખા પાડું ફોટા,
લઉં પરોવી પતંગિયાં ને ફૂલ કેરા ગલગોટા.

આંબાકુંજે ગાતી ફરતી કોયલને પૂરી લઉં,
ડુંગર ટોચથી સરતાં પેલાં ઝરણાંને ઝડપી દઉં.
શેરી ઝાંપે ગલુડિયાંના પાડું ફોટા હસતા,
ગોરી ગાય ને બિલ્લી પણ કૅમેરે મારે વસતાં.
લીલા ખેતરે મોલ મોતીના ચાસ અધિક મલકે,
કૅમેરે કંડારી લેવા મન મારું ત્યાં છલકે.
વડલે હિંચતા ભેરુઓના પાડું એવા ફોટા,
જોઈ ને બધાં હસતાં થાકે, જડે ના એના જોટા.

## ઊગે તાજી સવાર

પોઢી પલંગે જોયા કરું હું મારગ વીંધી પેલી પાર;
ઊગમણા આભલિયે ઊગે તાજી લાલમલાલ સવાર.

બાનો પાલવ દૂર કરી જોઉં
છલકાતો આભે ગુલાલ,
દૂધડાં ધવડાવી ગોરી ગાવલડી
વાછરુંને કરતી રે વ્હાલ.

પોઢી પલંગે જોયા કરું હું મારગ વીંધી પેલી પાર;
ઊગમણા આભલિયે ઊગે તાજી લાલમલાલ સવાર.

ધરતીનાં ઝાડને કિરણો ચૂમતાં
આંજતાં મારી આંખ,
લીમડાથી હેઠો ઉતરીને
ફફડાવે છે વાયુ પાંખ.

પોઢી પલંગે જોયા કરું હું મારગ વીંધી પેલી પાર;
ઊગમણા આભલિયે ઊગે તાજી લાલમલાલ સવાર.

પંખી ચીંચીં ઝાકળ ચણતાં
દાદીમા વીણે છે ફૂલ;
બારી-ટોડલે બેસી મીઠું
ગીત ગાતું બુલબુલ.

પોઢી પલંગે જોયા કરું હું મારગ વીંધી પેલી પાર,
ઊગમણા આભલિયે ઊગે તાજી લાલમલાલ સવાર.

# આવ મેહુલા

ઝરમર ઝરમર આવ મેહુલા,
ધરતીની તરસ છિપાવ મેહુલા,
કાળી કાળી વાદળી લાવ મેહુલા,

સહુનાં અંતર મલકાવ મેહુલા,
રિમઝિમ રિમઝિમ આવ મેહુલા.

ધરણીને અંગ આગ લાગી મેહુલા,
ખેડૂની ધીરજ હવે ભાગી મેહુલા,
વનરાજી પણ ના જાગી મેહુલા,

ધરતીની પ્યાસ બુઝાવ મેહુલા,
રિમઝિમ રિમઝિમ આવ મેહુલા.

ઊના ઊના વંટોળ વાતા મેહુલા,
મેંઢક ને મોર અકળાતા મેહુલા,
કો'ના અંતરે નથી શાતા મેહુલા,

નદી–નાળાં છલકાવ મેહુલા,
રિમઝિમ રિમઝિમ આવ મેહુલા.

હજી ના તારી એંધાણી મેહુલા,
કયમ કરશું વર્ષની લ્હાણી મેહુલા,
તુજ વિણ થશે ના ઉજાણી મેહુલા,

જગે સુધા–રસ વરસાવ મેહુલા,
રિમઝિમ રિસઝિમ આવ મેહુલા.

●

## હિમગિરિ લલકારે છે

ઊઠો ભૈયા આજ ચલો સૌ
હિમગિરિ લલકારે છે,
હિમાલયની ઊંચી ચોટી
નીચું નમતાં વારે છે.
ખેલ્યા જેના ખાળલે ખંતે
દીધાં જેણે અન્ન ને નીર,
એની યાદ મધુરી છલકે
જાગા, ઊઠો, ધીર ને વીર.

આર્યો કેરા નવતર પગલે
યશોગાન ગવાયાં છે,
ગંગા કેરાં નિર્મલ પાણી
આ ભૂમિમાં છવાયાં છે.

શિવાજી, પ્રતાપે અમને
પીયુષ શૌર્યનાં પાયાં છે,
એ વીરોના બુલંદ સાદે
વીર થઈ અમે ધાયા છે.

દૂર હઠો ને ભાગો દુશ્મન
હિમાલયની પેલે પાર,
કાઢીશું ભારતની બહાર
એવો છે મક્કમ નિરધાર.

માતૃભૂમિના રક્ષણ કાજે
હોંશે હોંશે દઈશું પ્રાણ,
હિમાલયના ઊંચા શિખરે
લલકારીશું વિજય ગાન.

●

# હું તો પૂછું !

જરી મને કે'શો ? હું પૂછું : તુજને કે
— ગગનના ગોખલે
ભાતીગળ તારલાની
આંખોમાં તેજ ત્યાં કોણે રેડયાં ?

ફરી હું તો પૂછું : કે કહેશો મને આ
— ફૂલડે ફૂલડે
ભમતાં પતંગિયાની
ટીલડીમાં રંગો ત્યાં કોણે ઢાળ્યા ?

વળી હું તો પૂછું : કે કહેશો મને ભલા
— મેહુલિયાની ધારે
લીલુડાં ખેતરોમાં
મોલમાં મોતી કોણે વેર્યાં ?

ફરી હું તો પૂછું : કે કહેશો મને દોસ્ત
— ઉગમણા આભલે
સોનેરી વાદળાંની
ઓસરીમાં સાથિયા કોણે પૂર્યા ?

અને હું તો પૂછું: કે કહેશો મને વળી
— કલકલ વ્હેતાં
પેલાં રૂડાં ઝરણાંને
મીઠેરા ગાને કોણે હસાવ્યાં?

વળી વળી પૂછું: કે કહેશો જરા
— કુંજ — નિકુંજે
ગાતી કોયલડી
એના કંઠમાં મીઠાં ગીત કોણે ભર્યાં?

●

## જાદુગર છું એવો

છૂમ છછૂંદર, જાદુમંતર, અંતર-મંતર ધંતર,
પ્હેરી લાલ ટોપી ને લુંગી બજવું જાદુ-જંતર.
જાદુગર છું એવો જુઓ કેવા જાદુ મારા;
નભથી હું ઉતારું નીચા પેલા પલપલ તારા.
અગડમ-બગડમ બોલું, મચવો જાદુના બસ નારા,
બજવો, બજવો તાલી નહીં તો સમ જાદુના મારા.

જાદુગર છું એવો જુઓ કેવા મારા જાદુ ?
માદળિયાં ને તાવીજ મંત્રું કોઈ પડે ના માંદું.
ભમ ભમ ભોલા બાવાજીની દાઢીથી કાઢું ઉંદર;
વચમાં જે કોઈ બોલે તેને બનાવી દઉં હું બંદર.

જાદુગર છું એવો જુઓ કેવા જાદુ મારા;
પાણીનું હું દૂધ બનાવું એવા મારા ચાળા.
ફૂ...ફૂ...કાલી કલકત્તાવાળી વચન તેરા ના ખાલી;
અષ્ટમ-પષ્ટમ મંત્રોથી જુઓ આ ઢીંગલી કેવી ચાલી.

છૂમ છછૂંદર, જાદુમંતર, અંતર-મંતર ધંતર,
પ્હેરી લાલ ટોપી ને લુંગી બજવું જાદુ-જંતર.

●

## દૂર દૂર છે ભણવું

ઓરડી વચ્ચે બેસી મારે નથી વાંચવું-ભણવું;
આ છોડીને મમ્મી મારે દૂર દૂર છે ગણવું.

સરવાળા તો ભાન ભુલાવે;
ગુણાકારના જવાબ ન આવે.

વનનાં ઝાડો ગણી ગણીને હિસાબ મારે ગણવા;
ફૂલ–પાનના સરવાળા ત્યાં જઈને મારે ભણવા.

યાદ રહે ના આંક–પલાખાં;
ગણતો થાકું ઘડિયા–લેખાં.

ડુંગર, ડુંગર, ઝાડી–જંગલ, ખીણ, કંદરા ન્યાળી;
રેલાવું ત્યાં ગીતડાં મારાં સમય મધુરો ગાળી.

નદી, સરોવર, ઝરણાંનાં જળ,
જોવાં મમ્મી, મારે પળપળ.

વાદળી વચ્ચે ગગને મનડું ચાંદા સાથે રમતું,
સીમ, ખેતર ને વાડી–બગીચે, મને ત્યાં છે ગમતું.

વાંચતાં પાઠો જાઉં થાકી,
થાકું ગોખતાં કવિતા બાકી.

ઓરડી વચ્ચે બેસી મારે નથી વાંચવું–ભણવું,
આ છોડીને મમ્મી મારે દૂર દૂર છે ગણવું.

# ઊગે પ્રભાત

ટોડલે બુલબુલ મીઠું ગહેકે,
માળે ચકલી ચીં ચીં ચહેકે,
ગગનગોખથી ચાંદો છટકે,
સુરજ આભે કેવો લટકે,

વાદળ ઓકળીની રૂડી ભાત !
જાગો, ઊગે નવું પરભાત !

આભે રંગ ગુલાલ છલકે,
પાને ઝાકળ મોતી મલકે,
તલાવડીમાં કમળો મહેકે,
ફૂલ ગુલાબી પવન લહેકે,

ઢાળે સૂરજ કિરણ બિછાત !
જાગો, ઊગે નવું પરભાત !

પનિહારીનાં ઝાંઝર ઝમકે,
ઢોલ નગારાં ઢંમક ઢમકે,
ઝાલર મંદિરોમાં ઝળકે,
તારલિયા આભેના પલકે,

ધરતી હસી, બની રળિયાત !
જાગો, ઊગે નવું પરભાત !

●

## હું શિવરામ ટપાલી

અક્કડ-ફક્કડ થઈ ઘૂમનારો હું શિવરામ ટપાલી,
કાગળ-પત્તર લઈ ફરનારો મુજ થેલો ના ખાલી.

ફટ્ફટ્ સિક્કા મારી
પટ્ પટ્ નાખું કાગળ,
ટહુકો નાંખી, કાગળ આપી
ઝટ્ પટ્ જાઉં આગળ.

અક્કડ-ફક્કડ થઈ ઘૂમનારો હું શિવરામ ટપાલી,
કાગળ-પત્તર લઈ ફરનારો મુજ થેલો ના ખાલી.

છગન-મગનના આવે કાગળ
તો દોડી ધમ ધમ આવે,

કહે : પપ્પાનો કાગળ આપો
શું અમ કાજે લાવે ?

અક્કડ-ફક્કડ થઈ ઘૂમનારો હું શિવરામ ટપાલી,
કાગળ-પત્તર લઈ ફરનારો મુજ થેલો ના ખાલી.

પેલા ઝાંપે ગંગા ડોશી
ઝાંખી આંખો વાળી,
પૂછે : ગગાનો કાગળ છે કે ?
આ શિવરામ ટપાલી.

અક્કડ-ફક્કડ થઈ ઘૂમનારો હું શિવરામ ટપાલી,
કાગળ-પત્તર લઈ ફરનારો મુજ થેલો ના ખાલી.

બોખી ડોશીનો પુનમિયો ભાઈ
મોકલે પૈસા મહિને,
રૂઆબથી પૈસા આપું દૈ
અંગૂઠો ધ્યાન દઈને.

અક્કડ-ફક્કડ થઈ ઘૂમનારો હું શિવરામ ટપાલી,
કાગળ-પત્તર લઈ ફરનારો મુજ થેલો ના ખાલી.

●

## નીલો પતંગ

લાલ, પીળો ને નીલ પતંગ,
પૂંછડિયે કેસરિયો રંગ,
ભમતો સરે પવનને સંગ,
જોતાં સર્વે બનીને દંગ,

આકાશ તલાવડીમાં તરતો પતંગ!
પવનની પાલખીએ સરતો પતંગ!

ગગન સાગરે વહે તરંગ,
ઉછળી ઉછળી મારે છલંગ,
આકાશી ચમકીલું નંગ,
જાણે ગગનનું રૂડું વિહંગ!

આકાશ તલાવડીમાં તરતો પતંગ!
પવનની પાલખીએ સરતો પતંગ!

આભે એના નવલા ઢંગ,
પતંગ કાપવા માંડતો જંગ,
દોરી ખેંચતાં બનતો તંગ,
ભાઈ, એનો તો શો ઉમંગ,

આકાશ તલાવડીમાં તરતો પતંગ!
પવનની પાલખીએ સરતો પતંગ!

●

## બન્યા ગોકુળના ગોવાળ

બન્યા ગોકુળના ગોવાળ,
કે આજ અમે બન્યા ગોકુળના ગોવાળ!

રમતા ને નાચતા, ગીતડાં ગાતા,
અમે ગોકુળના ગોવાળ,
રોટલો ખાતા દૂધડાંની ધારે,
અમે ગોકુળના ગોવાળ!
કે આજ અમે બન્યા ગોકુળના ગોવાળ!

કાને કુંડળ ને પગમાં ઝાંઝર,
હાથમાં ડાંગ સોહાય,
લાલ લાલ પાઘડીનું છોગું
હવામાં ઊડી ઊડી લ્હેરાય,
કે આજ અમે બન્યા ગોકુળના ગોવાળ!

ખાખરાનાં પાન ખોસી, મોરલીના
નાદે ગીતડાં મઝાનાં ગવાય,
ધરતી પાલવડે હેમાળો વાયરો
અંતર ભરી ભરી જાય.
કે આજ અમે બન્યા ગોકુળના ગોવાળ!

વડલાની ડાળે બેસી અમે તો
ઝૂલતા ઝૂલે સંગાથ,
કે આજ અમે બન્યા ગોકુળના ગોવાળ!

રાધા ને કાનો થઈને અમે તો
રમતા દાંડિયા-રાસ,
ઘેરૈયા બનીને દાણનો ફાગ
અમે માંગતા સૌની પાસ,
કે આજ અમે બન્યા ગોકુળના ગોવાળ!

પાવા બજાવતા ને ડુંગરિયા ચડતાં
કરીએ અમે કિલ્લોલ,
ઝરણાંના નાદે, કોકિલા કૂજે,
હૈયું છે લોલ-વિલોલ.
કે આજ અમે બન્યા ગોકુળના ગોવાળ!

દૂધમલ ચાંદનીના શીળા અજવાળે
ટમકે તારલિયા આકાશ,
લીલુડી ધરતીના ખોળે અમે તો
ગાતા નમી નમી રાસ.
કે આજ અમે બન્યા ગોકુળના ગોવાળ !

## જોવો ભારત દેશ

પરિમલ પાંખે બેસી મારે જોવો ભારત દેશ,
નવી નવી ભૂમિ જોવી ને જોવા નવલા વેશ.
રાતે નભના તારા ગણતાં ગણતાં ભમવું વાટે,
સાગર તીરે ડૂબકી મારી ફરવું ડુંગર ઘાટે.
વન–ઉપવનનાં ઝાડો સાથે હેતે ભીડી બાથ,
ઊંડી ખીણો, ઊંચા ડુંગર તેડી લેવા સાથ.
દિલ્હી, મુંબઈ, અમદાવાદ ને સુરત, દમણ, ગોવા,
ગંગા, જમના, કાશી, મથુરા, હિમાલય પણ જોવાં.
હિરાકુંડ ને ભાખરાનાં જળ કેવાં ખળખળ છલકે,
લીલાંછમ ખેતરમાં કેવા મોલ મોતીશા ચળકે.

તાજમહાલનાં અદકાં રૂપો મન ભરીને પીવાં.
વૃંદાવનની કુંજગલીમાં નવલાં ગીતો ગાવાં
ચાનાબાગે આસામ થઈને શણુના બંગાળે ફરીશું,
નાળિયેરીનાં વન જોવાને કોંકણ કાંઠે જઈશું.
ઉત્તરમાં શેરડીનો મીઠો મધઝરતો રસ દીઠો,
તિરૂપતિ ને દ્વારકા દ્વારે પરસાદ ખાધો મીઠો.
પરિમલના પારણિયે ઝૂલી દૂર-દૂર છે ભમવું,
પંખી જેવી પાંખ પસારી મારે ગગને રમવું.

## કોણ?

કોના બોલે બાળક કેરાં
પુલકિત થાયે રોમે રોમ?
છલકે કોના નયને અમૃત
છલકે જેમ ગગનમાં સોમ?
કોણ શીખવતું હસતાં-રમતાં
જગના એવા ગુરુ કયાંય?

ધૈર્ય, વિનય ને પ્રેમ, વિમળતા
કોના હૃદયે વસે સદાય?
અહો! પ્રેમને ચુંબન કોના
વિસરે બાળક દુઃખ અપાર?
કોની ગોદે જન્મ જ લેવા
દેવો પણ બનતા તૈયાર?
જનમ જનમ ના મળતો કોનો
મીઠો મધુરો વ્હાલો સાદ?
અહો! નિરંતર ઉરમાં કોની
પ્રજવે પ્રગટી મધુરી યાદ?
અહો! કોણુની શીતલ છાંયે
જગત પર અમરત ઉભરાય?
જીવન કેરે પગલે પગલે
વ્હાલપના કો' અમૃત પાય?
યાદ સદાયે આવે કોનું સ્નેહ
નીતરતું નમણું મુખ?
પ્રેમે, હૈયે સંકટ વેઠી અર્પે
કોણુ અહોનિશ સુખ?

# સસારાણા બન્યા માસ્તર

હાથે સોટી, આંખે ચશ્મા, માથે ટોપી સુંદરજી,
ધોતી, કફની પ્હેરી સસારાણા બન્યા માસ્તરજી.
વનમાં જઈને રૂઆબ જમાવી ચારે બાજુ ફરતાજી,
વનદેવીએ ભણાવવા ભેજ્યો : એવું સસા વદતાજી.
વટ જોઈને સસારાણાનો જંગલ આખું ધ્રૂજેજી,
વાઘ, વરૂ ને સિંહ, શિયાળ પણ પગલાં એનાં પૂજેજી.
નદી કિનારે વડલા છાંયે, માંડી એણે નિશાળજી,
હાજરી પૂરવાની પણ રાખે પૂરેપૂરી સંભાળજી.
રીંછ, હાથી ને દીપડાભાઈ તો આંખ-પલાખાં ગોખેજી,
ગધાભાઈ પણ 'હોંચી હોંચી' કરી કવિતા શીખેજી.
હરણ, ચિત્તો ને સાબર બાપડાં એકડા બગડા ઘૂંટેજી,
ઘંટ વગાડે વાંદરભાઈ ને પાંચ વાગે સૌ છૂટેજી.
આવડે ના તો સસા–માસ્તર સોટી ચમચમ મારેજી,
ક્લાસ આખામાં રાણાજીનો ધાક અતિશય ભારેજી.
એક લાઈનમાં બેસીને સહુ ભણતાં વનના પાઠોજી,
નિશાળિયાં સહુ એવું કહે : ના માસ્તર આવો દીઠોજી.
પવને ટોપી પડતાં કહે સહુ: આ તો સસલો લાગેજી,
ઝટપટ સસારાણા ત્યાંથી ઊભી પૂંછડીએ ભાગેજી.

卐